જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૭/૨૦૧૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-     સમાચાર યાદી નં.૧૩૦૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૪૯ લીટર દેશી દારૂ, ૧૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૧૨ બીયરટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-     સમાચાર યાદી નં.૧૩૦૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપહરણઃ-     સમાચાર યાદી નં.૧૩૦૩/૧૬

**સોલા હાઇકોર્ટ : ધનલક્ષ્મી મોહનભાઇ દેસાઇ (ઉ.વ.૧૬)(રહે,ખોડીયારનગર, જે.જે.હોસ્પીટલની સામે, ચાણક્યપુરી)** ને તા.૮/૭/૧૬ સાંજનાં ૫/૦૦ થી ૫/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન ચાણક્યપુરી શાક માર્કેટ નજીકથી કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ ધનલક્ષ્મીબહેનનાં પિતા મોહનભાઇ દેસાઇએ તા.૧૬/૭/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

ઘરફોડ-     સમાચાર યાદી નં.૧૩૦૪/૧૬

**શહેરકોટડા : રમણભાઇ પરષોત્તમભાઇ રાઠોડ** (રહે.લાભ એપાર્ટમેન્ટ, રઘુવિર સોસાયટી પાસે, જી.ડી. હાઇસ્કુલ સૈજપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૭/૧૬ બપોરનાં ૧૨/૦૦ થી ૨/૪૫ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૦૭,૭૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૫/૧૬**

**નવરંગપુરા** : નઇમખાન મહેમુદખાન પઠાણ (રહે.એમ સ્ક્વેર એપાર્ટમેન્ટ, મુસ્લીમ સોસાયટી, નવરંગપુરા) એ તા.૧૬/૭/૧૬ નાં રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૬/૧૬ થી તા.૫/૭/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં ઘરમાં ઘરકામ કરતી આરોપણ બાઇ ખેરૂનીશા ઉર્ફે રેશમાબહેન નાસીરમીયા શેખ (રહે.આઇ.પી.મીશન સ્કુલ પાસે, અખાનંદ આશ્રમ આગળ ફુટપાથ ઉપર, રાયખડ) એ બેડરૂમનાં કબાટનો દરવાજો ચાવીથી ખોલી, લોકરમાં મુકેલ સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૬/૧૬**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ સુશિલકુમાર શ્રીરામપ્રસાદભગત કુશવાહ (રહે. જૈતુન ફ્લેટ, દિલ્લી ટી સ્ટોલની સામે, સરખેજ ઢાળ, સરખેજ) એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** તા.૧૫/૭/૧૬ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના મિત્ર સરફુદ્દીન ઇજાહારહુસેન શેખ (ઉ.વ.૪૦) (રહે.અમન રો હાઉસ, સરખેજ રોજા મકરબા રોડ, સરખેજ) નાઓને મોટર સાયકલ પાછળ બેસાડી એસ.જી.હાઇવે અંદાજ પાર્ટી પ્લોટ પાસે, એ.વી.ઓન. ઇન હોટલની સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મીની લકઝરી બસ નંબર જીજે ૦૧ બી.વી. ૮૮૨૯ નાં ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતાં, બંને જણા નીચે પડી જતાં, સરફુદ્દીનને શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન સરફુદ્દીનનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસે ગુનો નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી ડી.જી.વાઘેલા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)